CITY પલ્સ
ગુજરાતમિત્ર
શુક્રવાર ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ 

## પર્યાવરણની રક્ષા અને ગૌસેવાનો અનોખો સંગમ

# વડોદરામાં ‘વૈદિક હોળી’નો દબદબો



સંસ્કારી નગરી વડોદરા હંમેશા નવી રાહ ચીંધનારું શહેર રહ્યું છે. આગામી હોળી-ધૂળેટીના પર્વને લઈને જ્યારે યુવાનોમાં થનગનાટ છે અને રિસોર્ટ્સ-ફાર્મ હાઉસમાં તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે પર્યાવરણ અને સંસ્કૃતિના જતન માટે વડોદરામાં ‘વૈદિક હોળી’નો વ્યાપ વધી રહ્યો છે. કામધેનુ સેવા સંવર્ધન ટ્રસ્ટ ગૌશાળા દ્વારા છેલ્લા 9 વર્ષથી ચલાવવામાં આવતો આ પ્રકલ્પ આજે વડોદરાની અનેક સોસાયટીઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યો છે. સામાન્ય રીતે હોળીમાં લાખો ટન લાકડાનું દહન કરવામાં આવે છે, જેના કારણે હજારો જીવંત વૃક્ષોનો બલિ લેવાય છે. આ પરંપરા પ્રકૃતિ માટે ઘાતક સાબિત થઈ રહી છે. તેની સામે વૈદિક હોળીમાં ગાયના છાણમાંથી બનેલી ‘ગૌ-કાષ્ટ’ (સ્ટીક) અને છાણાનો ઉપયોગ થાય છે. આ પદ્ધતિ ગ્લોબલ વોર્મિંગ સામે લડવા માટેનો સચોટ અને આધ્યાત્મિક માર્ગ છે. આ પહેલ માત્ર પર્યાવરણ પૂરતી મર્યાદિત નથી, પણ ગૌસેવા સાથે પણ જોડાયેલી છે. ગૌ-કાષ્ટના વેચાણથી મળતી આવક સીધી રીતે ગૌશાળાઓને આત્મનિર્ભર બનાવે છે. તેનાથી બિન-દૂધાળી ગાયોના ઘાસચારા અને નિભાવની વ્યવસ્થા થાય છે. ટ્રસ્ટ દ્વારા દર વર્ષે અંદાજે 100 જેટલી ખાસ વૈદિક હોળી કીટ તૈયાર કરવામાં આવે છે, જે વડોદરામાં નિઃશુલ્ક હોમ ડિલિવરી સાથે પૂરી પાડવામાં આવે છે.



### ગૌમાતાના આશીર્વાદનો અવસર

તમારી એક હોળી, હજારો ગાયોનો સહારો બનશે., વૈદિક હોળી અપનાવવાનો અર્થ છે ગૌસેવામાં સીધો સહયોગ. ગૌશાળામાં રહેલી ગાયોના છાણનો વ્યવસાયિક ઉપયોગ થવાથી ગૌશાળા આર્થિક રીતે સક્ષમ બને છે. લાકડાનો ત્યાગ કરીને ગૌ-કાષ્ટ અપનાવવાથી ગૌમાતાના આશીર્વાદ મળે છે અને સંસ્કૃતિનું સાચા અર્થમાં જતન થાય છે.

**જનતાને અપીલ |** ચાલો, હોળીને બનાવીએ ‘ગ્રીન અને ક્લીન’ વડોદરાવાસીઓને નમ્ર અપીલ છે કે આ વર્ષે પોતાની સોસાયટીમાં લાકડા બાળવાને બદલે વૈદિક પદ્ધતિથી હોળી પ્રગટાવે. હોળીનો અગ્નિ પવિત્ર છે, તેને પ્રદૂષિત થતો અટકાવીએ. કામધેનુ સેવા સંવર્ધન ટ્રસ્ટના આ ૭ વર્ષના સેવા-યજ્ઞમાં જોડાઈને પર્યાવરણ પ્રત્યેની આપણી જવાબદારી નિભાવીએ.

### વૈદિક હોળીના વૈજ્ઞાનિક ફાયદા

#### શુદ્ધ હવા અને આરોગ્યપ્રદ ધુમાડો

સામાન્ય લાકડાના દહનથી કાર્બન ડાયોક્સાઈડ વધે છે, જ્યારે ગૌ-કાષ્ટ અને કપૂરના મિશ્રણથી હવામાં ‘ફોર્માલ્ડિહાઈડ’ જેવા વાયુઓ મુક્ત થાય છે. આ વાયુ હવાને શુદ્ધ કરે છે અને વાતાવરણમાં રહેલા હાનિકારક વાયરસનો નાશ કરે છે. શાસ્ત્રોક્ત વિધિ મુજબ ઘી અને હવન સામગ્રીનો ધુમાડો શ્વાસના દર્દીઓ માટે પણ આશીર્વાદ સમાન માનવામાં આવે છે.\



#### શું છે ‘રેડી ટુ ફ્લેમ’ કીટમાં ?

સંપૂર્ણ પૂજા સામગ્રી એક જ બોક્સમાં કામધેનુ ટ્રસ્ટ દ્વારા પૂરી પાડવામાં આવતી 6,000ની પ્રીમિયમ કીટમાં નીચેની સામગ્રી સામેલ છેઃ

- ♦» **મુખ્ય સામગ્રીઃ** 151 કિલો છાણા, 500 ગ્રામ ગાયનું શુદ્ધ ઘી.
- ♦» **ઔષધિઃ** 1 લીટર નવગ્રહ તેલ, 100 ગ્રામ ગૂગળ, 100 ગ્રામ કપૂર.
- ♦» **પૂજાપોઃ** 1 કિલો હવન સામગ્રી, સમીધા, નાળિયેર, ઘાસના પૂળા.

*ધાન્યઃ 500 ગ્રામ 7 પ્રકારના પવિત્ર ધાન્ય.

## રંગ, રાગ અને રામઢોલ

# મધ્ય ગુજરાતમાં જામ્યો હોળીના મેળાઓનો માહોલ



ભંગોરિયા મેળામાં ઝૂમી ઉઠ્યું છોટાઉદેપુર, હોળીની આવી ઢોલક પર ધૂમધામ શરૂઆત થઇ ચૂકી છે ત્યારે સમગ્ર મધ્ય ગુજરાતમાં વસતા આદિવાસી સંસ્કૃતિની ધરોહર સમાન છોટાઉદેપુર જિલ્લોમાં હોળીનો પર્વ દિવાળી કરતા પણ વિશેષ મહત્વ ધરાવે છે. રંગોનો આ તહેવાર અહીં માત્ર ઉજવણી નથી–એ જીવનની ઉજાસ, પરંપરાની પ્રતીતિ અને એકતાનો ઉત્સવ છે.હોળી પહેલા સાત દિવસથી શરૂ થતા ભંગોરિયા મેળા આ પર્વની અનોખી ઓળખ છે. જ્યાં સામાન્ય રીતે અઠવાડિક હાટ ભરાય છે, ત્યાં હોળી માટે ખાસ પરંપરાગત હાટ યોજાય છે, જેને “ભંગોરિયા હાટ” તરીકે ઓળખવામાં આવે છે.

### ભંગોરિયા મેળો એટલે સંસ્કૃતિનો ગર્વ, એકતાનો ઉત્સવ અને આનંદની અનંત સફર

#### ♦ ખરીદીથી વધુ – સંસ્કૃતિનો મહોત્સવ

ભંગોરિયા હાટમાં ગામજનો હોળી માટે જરૂરી ચીજવસ્તુઓ–મસાલા, વાસણ, અનાજ, કરીયાણું અને રંગબેરંગી વસ્ત્રો–ખરીદવા આવે છે. પરંતુ આ હાટ માત્ર બજાર નથી; એ આદિવાસી સંસ્કૃતિનો જીવંત મહોત્સવ છે. ઢોલ, ત્રાંસા, પીહા, રામઢોલ, થાળી, ઘૂઘરા અને વાંસળીના મધુર તાલે યુવાનોથી લઈને વૃદ્ધો સુધી સૌ કોઈ લયબદ્ધ બની ઝૂમી ઉઠે છે.

#### ♦ રંગપુરથી થઇ ભવ્ય શરૂઆત

ચાલુ વર્ષે ભંગોરિયા મેળાની પરંપરાગત શરૂઆત રંગપુરના હાટથી થઈ. આસપાસના ગામોની ટુકડીઓ એકસરખા પરંપરાગત પહેરવેશમાં, મહિલાઓ આકર્ષક આભૂષણોથી સજ્જ થઈ, રામઢોલ અને ઘૂઘરાના તાલે મનમોહક નૃત્ય રજૂ કરતા નજરે પડ્યા. પુરુષો અને મહિલાઓએ લયબદ્ધ “ટીમલી” નૃત્ય કરીને મેળાને રંગીન બનાવી દીધો. એકસમાન વસ્ત્રો, સંસ્કૃતિનો ગર્વ અને સંગીતની મોજ–આ બધું મળીને ભંગોરિયા હાટને જીવંત બનાવતું હતું.

#### ♦ આગેવાનો પણ જોડાયા ઉજવણીમાં

લોકસભા સાંસદ જશુભાઈ રાઠવા સહિત જિલ્લા અને તાલુકાના અગ્રણીઓ પણ રંગપુરના પ્રથમ ભંગોરિયા હાટમાં હાજર રહ્યા. તેઓએ સ્થાનિક ગ્રામજનો સાથે રામઢોલના તાલે ઝૂમી આદિવાસી સંસ્કૃતિને પ્રોત્સાહન આપ્યું. આ ઉપસ્થિતિએ મેળાની ભવ્યતામાં વધારો કર્યો અને સંસ્કૃતિ પ્રત્યેના સન્માનનો સંદેશ આપ્યો.

#### ♦ હવે હોળી સુધી રહેશે મેળાની મોજ

હોળી સુધી જ્યાં જ્યાં અઠવાડિક હાટ ભરાશે, ત્યાં ભંગોરિયાની ઉજવણી થશે. દરરોજ નવા ગામમાં રંગ, રાગ અને પરંપરાનો મેળો જામશે. ભંગોરિયા માત્ર ખરીદીનો મેળો નથી–એ પ્રેમ, મિત્રતા, સંગાથ અને સંસ્કૃતિની ઉજવણી છે. હોળીના આગમન સાથે આદિવાસી જીવનમાં આનંદનો જે જુસ્સો ફેલાય છે, તે ભંગોરિયા હાટમાં સ્પષ્ટ દેખાય છે.

#### ♦ સંસ્કૃતિની ધડકન

રામઢોલના ગુંજતા તાલ, ઘૂઘરાના મધુર અવાજ અને રંગબેરંગી પહેરવેશ વચ્ચે ઝૂમતા ગ્રામજનો સાબિત કરે છે કે છોટાઉદેપુરમાં હોળી માત્ર તહેવાર નથી–એ પરંપરાની ધડકન છે.

# કેસુડો : વસંતનો કેસરી શણગાર



જ્યારે શિયાળાની ગુલાબી ઠંડી વિદાય લેતી હોય અને વસંતઋતુનું આગમન થતું હોય, ત્યારે કુદરત જાણે કેસરી રંગની ચાદર ઓઢી લે છે. આ સમયે સીમ-વગડામાં જે ફૂલ સૌથી વધુ આકર્ષિત કરે છે, તે છે કેશુડો. કેશુડાને ‘ખાખરા’ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેને ‘જંગલની જ્વાળા’ (Flame of the Forest) કહેવામાં આવે છે કારણ કે જ્યારે તે ખીલે છે, ત્યારે આખું વન જાણે આગની લપેટમાં હોય તેવું તેજસ્વી લાગે છે.

### દેખાવ અને વિશેષતા

કેશુડાના ફૂલ દેખાવમાં ખૂબ જ આકર્ષક હોય છે. તેનો આકાર પોપટની ચાંચ જેવો વાંકો હોય છે, તેથી તેને સંસ્કૃતમાં ‘કિંશુક’ પણ કહેવામાં આવે છે. કેશુડાના ઝાડ પર પાન ઓછા અને ફૂલો વધારે જોવા મળે છે. તેના ત્રણ પાંદડાનો સમૂહ હોય છે, જેના પરથી ગુજરાતીમાં કહેવત પડી છે કે “ખાખરાની ખિસકોલી સાખરે ન ચડે” અથવા “પાન ખાખરાના ત્રણ”. સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્વ ગુજરાતમાં કેશુડાનું મહત્વ હોળી-ધૂળેટીના તહેવાર સાથે ગાઢ રીતે જોડાયેલું છે. પ્રાચીન કાળથી જ લોકો કેશુડાના ફૂલોને પાણીમાં પલાળીને કુદરતી રંગ બનાવતા આવ્યા છે.

### આવો જાણીએ કેસુડાની શુદ્ધતા અને ગુણધર્મ

- ♦ **શુદ્ધતાઃ** કેશુડાનો રંગ ચામડી માટે ઉત્તમ ગણાય છે.
- ♦ **ભક્તિઃ** ભગવાન શ્રીકૃષ્ણ પણ ગોપીઓ સાથે કેશુડાના રંગથી હોળી રમતા હોવાના ઉલ્લેખો સાહિત્યમાં મળે છે.

ઔષધિય ગુણો

કેશુડો માત્ર સુંદરતા માટે જ નથી, પણ તે અનેક રીતે ગુણકારી પણ છેઃ

- ♦ **ચામડીના રોગોઃ** કેશુડાના પાણીથી સ્નાન કરવાથી ઉનાળામાં થતી અળાઈઓ અને ચામડીના રોગો મટે છે.
- ♦ **ઠંડકઃ** તેનું પાણી શરીરને શીતળતા બક્ષે છે.
- ♦ **પડિયા-પતરાળાઃ** ખાખરાના પાનમાંથી પરંપરાગત રીતે ભોજન માટેના પડિયા અને પતરાળા બનાવવામાં આવે છે, જે સંપૂર્ણપણે ઈકો-ફ્રેન્ડલી હોય છે.

♦ **સાહિત્યમાં સ્થાન**

કવિઓએ કેશુડાના કેસરી રંગને વસંતના દૂત તરીકે વર્ણવ્યો છે. ગુજરાતી લોકગીતો અને કવિતાઓમાં કેશુડાનો ઉલ્લેખ વારંવાર જોવા મળે છે. “કેસૂડો બોલે... વસંતના વાયરા વાય...” જેવી પંક્તિઓ સાંભળતા જ મન પ્રફુલ્લિત થઈ જાય છે.

♦ **ઉપસંહાર**

આજકાલ રાસાયણિક રંગોના જમાનામાં આપણે કેશુડાને ભૂલતા જઈએ છીએ, પરંતુ પર્યાવરણ અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ કેશુડો અમૂલ્ય છે. કેશુડો એ ગૌરવવંતી ગુજરાતી પ્રકૃતિનું પ્રતીક છે. આપણે આ કુદરતી વારસાને જાળવવો જોઈએ અને ફરીથી કુદરતી રંગો તરફ વળવું જોઈએ.



# પાનવડની બહેનોએ ‘હુંડેલ’ સંસ્કૃતિને આપ્યું નવું સરનામું

દાતા થી ઉમરગામ સુધીના આદિવાસી વિસ્તારોમાં હોળીના દંડ રોપાતા જ પર્વની પવિત્ર શરૂઆત થઈ જાય છે. હોળીના પંદર દિવસ પહેલાં “હોળી માતાના પાપડ” બનાવવાની અનોખી પરંપરા આદિવાસી જીવનમાં શ્રદ્ધા અને એકતાનો સંદેશ આપે છે. આ પરંપરા મુજબ ગામમાં ‘હુંડેલ’ નામની સામાજિક વ્યવસ્થા રચાય છે. સૌ પ્રથમ ગામના પટેલના ઘરે હુંડેલ ટોળી દ્વારા “હોળી માતાના પાપડ” બનાવવાની શરૂઆત થાય છે અને પછી આ ટોળી ઘરે ઘરે જઈ પાપડ બનાવે છે. તૈયાર થયેલા પાપડમાંથી પાંચ પાપડ અલગ રાખવામાં આવે છે, જે હોળી પૂજન માટે અર્પણ થાય છે. છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના પાનવડ ગામમાં દસ જેટલી બહેનોએ સંગઠિત થઈ ‘નેજાધારી મિશન મંગલમ’ હેઠળ દેશી અડદના પાપડનો ગૃહ ઉદ્યોગ શરૂ કર્યો છે. પરંપરાગત “હોળી માતાના પાપડ” હવે મહિલા સશક્તિકરણનું પ્રતીક બની ગયા છે. ગૃહ ઉદ્યોગની સંચાલિકા પારુલબેન કોચલાએ જણાવ્યું કે શરૂઆતમાં બહેનોને દેશી પાપડ બનાવવાની દસ દિવસની તાલીમ આપવામાં આવી. મહિલા ગ્રામ સંગઠન દ્વારા આર્થિક સહાય મળતા Atta Mixing મશીન ખરીદવામાં આવ્યું, જેના કારણે કામ વધુ સુવ્યવસ્થિત અને સરળ બન્યું. આજે બહેનો દરરોજ આશરે ચાર કિલો જેટલા શુદ્ધ અડદના પાપડ બનાવે છે.



### પરંપરાની સુગંધ, આત્મનિર્ભરતાનો સ્વાદ

દરરોજ સવારે ૧૦ વાગ્યે બહેનો એકત્રિત થાય છે. લોટ ચાળી તેમાં પાપડખાર અને મીઠું જેવા કુદરતી મસાલા ઉમેરવામાં આવે છે. Atta Mixing મશીનથી લોટ બાંધી યોગ્ય વજનના લુઆ બનાવવામાં આવે છે. પછી તમામ બહેનો સાથે મળીને પાપડ વણે છે અને સૂર્યપ્રકાશમાં સૂકવવા મૂકે છે. સૂર્યકિરણોમાં સૂકાતા આ પાપડમાં માત્ર અડદનો સ્વાદ નથી – તેમાં પરંપરાની સુગંધ, એકતાની લાગણી અને મહેનતનો મીઠો સ્પર્શ સમાયેલો છે.

### તહેવારોમાં વધતી માંગ

હોળી, અખાત્રીજ અને દિવાસો જેવા મોટા તહેવારો દરમિયાન આ દેશી પાપડની માંગ નોંધપાત્ર રીતે વધી જાય છે. અનેક પરિવારો આખું વર્ષ સંગ્રહ માટે અહીંથી જ પાપડ ખરીદવાનું પસંદ કરે છે. આ રીતે પાનવડની બહેનો માત્ર પાપડ નથી બનાવતી – તેઓ પરંપરાને જીવંત રાખી આર્થિક આત્મનિર્ભરતાનું નવું અધ્યાય લખી રહી છે.

### લાગણીસભર અંત

“હુંડેલ” માત્ર પરંપરા નથી – એ એકતા, વિશ્વાસ અને સહકારનું પ્રતીક છે. પાનવડની બહેનો એ પરંપરાને પ્રગતિ સાથે જોડીને સાબિત કર્યું છે કે જ્યારે સ્ત્રી સંગઠિત થાય છે, ત્યારે સંસ્કૃતિને નવી ઉર્જા અને સમાજને નવી દિશા મળે છે. પરંપરાની સુગંધ અને પ્રગતિનો સ્વાદ – હવે પાનવડના દરેક પાપડમાં મહેકે છે.